**આંક :૮**

**શ્રી આર.આર.દેસાઈ, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત સમક્ષ**
**રેફરન્સ (ટી) નં.–૧૧૧/૨૦૧૬**

**પ્રથમ પક્ષકાર:** મેસર્સ એમ.સી.શાહ,
ઠે. ૩૮, મહાદેવનગર સોસાયટી, કૈલાશનગરની બાજુમાં,
મજુરા ગેટ, સગરામપુરા, સુરત.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** સુરેશ ક્રિષ્ના શેટ્ટી,
રહે. ૯, હિન્દપાલ એપાર્ટમેન્ટ, અંબર કોલોની,
હરીનગર–૧, ઉધના, સુરત.

**હાજર રહયા :** બીજા પક્ષકાર તરફે :–પ્રતિનિધિશ્રી હસમુખભાઈ સુરતી.
પ્રથમ પક્ષકાર તરફે :– કોઈ હાજર નથી.

**:: એવોર્ડ ::**

(૧) ઉપરોકત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ ધારાના પ્રબંધો નીચે શ્રમ આયુકત કચેરી, સુરતના કચેરી હુકમ નં. કેએચ / એસએચએમસી / એજે / આઈડીઆર / ૫૩ / ૨૦૧૬, તા.૨૨–૩–૨૦૧૬ થી વિવાદના ન્યાયિક નિર્ણય માટે આ કોર્ટને સુપરત થયેલ છે. વિવાદ અનુસૂચિ વિગતે :

**અનુસૂચિ**

'' સુરેશ ક્રિષ્ના શેટ્ટીને તેમના પડેલા દિવસોના પગાર સહિત
નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? ''

(૨) હાલના બીજા પક્ષકારે આંક–૪ થી તેમનું માંગણાનુ નિવેદન રજુ કરેલ છે. તેઓએ તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ચાર વર્ષ ઉપરાંતથી ઉઘરાણી કારકુન તથા ઓફીસના પરચુરણ કામ કરનાર કર્મચારી તરીકે છેલ્લે માસીક રુા.૨૦,૦૦૦/– ના પગારથી ફરજ બજાવતા આવેલા. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે તા.૪–૪–૧૪ના રોજ કામગીરી બાબતે કોઈપણ જાતની ફરીયાદ ન હોવા છતાં મૌખિક હુકમથી કોઈપણ જાતના કારણ વિના નોટીસ કે નોટીસપગાર કે છટણી વળતર આપ્યા વિના કે ખાતાકીય તપાસ કર્યા વિના કે બચાવની તક આપ્યા વિના ચાલુ નોકરીમાંથી

ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરેલ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ બેકાર છે અને અનેક સ્થળે તપાસ કરવા છતાં નોકરી મળેલ નથી. જેથી પ્રથમ પક્ષકારનુ બીજા પક્ષકારને નોકરીમાંથી મૌખિક હુકમથી છુટા કરવાનુ પગલુ આઈડી એકટની જોગવાઈઓનો ભંગ કરવાનુ અને રદબાતલ ઠરાવી પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે તથા આનુસાંગિક લાભો સહીત મુળ જગ્યાએ સતત અન સળંગ નોકરીમાં પુન:સ્થાપિત કરે તેવો હુકમ ફરાવાવવા તથા ખર્ચ અપાવવા અરજ ગુજારેલ છે.

(૩) સદર કામમાં પ્રથમ પક્ષકાર સંસ્થાને નોટીસ બજવા છતા તેઓ જાતે કે તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઈ બીજા પક્ષકારના માગણા નિવેદન વિરુઘ્ઘ જવાબ રજુ કરેલ ન આંક–૬ થી પ્રથમ પક્ષકારનો જવાબ રજુ કરવાનો હક બંઘ કરવામાં આવેલ છે.

(૪) હાલના કામે પક્ષકારો તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

બીજા પક્ષકાર તરફે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવો.

| | | |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકારે માગણાનુ નિવેદન પ્રથમ પક્ષકારને રજી.એ.ડી.થી મોકલ્યા અંગેની પોસ્ટની સફેદ પાવતીની અસલ | નિ.૫/૧ |
| ૨ | બીજા પક્ષકારે માગણાનુ નિવેદન પ્રથમ પક્ષકારને રજી.એ.ડી.થી મોકલેલ જે મળ્યા અંગેની પોસ્ટની એકનોલેજમેન્ટ અસલ | નિ.૬/૧ |

પ્રથમ પક્ષકાર તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૫) હાલના કામે રેકર્ડ ઘ્યાને લેતાં, પ્રથમ પક્ષકારનો જવાબ રજુ કરવાનો હક બંઘ થયા બાદ સદર કામ બીજા પક્ષકારના પુરાવા પર હોય બીજા પક્ષકાર તરફે હાજર થઈ પુરાવો રજુ કરેલ ન હોય બીજા પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હક બંઘ કરવામાં આવેલ છે તેવી જ રીતે પ્રથમ પક્ષકાર તરફે પુરાવો રજુ કરેલ ન હોય તેઓનો પુરાવો રજુ કરવાનો હક બંઘ કરવામાં આવેલ છે. ત્યારબાદ દલીલના તબકકે બંને પક્ષકારો તરફે દલીલો માટે કોઈ હાજર રહેલ ન હોય કામ હુકમ પર લેવામાં આવેલ છે.

(૬) સદરહુ રેફરન્સના ન્યાય નિર્ણય માટે નીચે જણાવેલ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## -: મુદ્દાઓ :-

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમ પક્ષકારે તા.૪-૪-૨૦૧૪ના રોજ છુટા કરવાનો કરેલ હુકમ ગેરકાયદેસર છે?

(૨) શું બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર તથા આનુસાંગિક લાભો સાથે પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં પુન:સ્થાપિત થવા હકદાર છે?

(૩) શું હુકમ?

**ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

## -: નિર્ણયો :-

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) આખરી હુકમ મુજબ

## -: કારણો :-

**મુદ્દા નં. ૧ અને ૨ :-**

**(૭)** હાલના કામે સમગ્ર રજુઆત અને રેકર્ડ ઘ્યાને લેતાં, આ કામના બીજા પક્ષકાર તરફે માંગણાના નિવેદનમાં કથન છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ચાર વર્ષથી ઉઘરાણી કલાર્ક તથા ઓફીસના પરચુરણ કામ કરનાર તરીકે નોકરી કરતાં આવેલા. બીજા પક્ષકારનો માસીક પગાર રુા.૨૦,૦૦૦/- હતો. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે તા.૪-૪-૧૪ ના રોજ મૌખિક હુકમથી કોઈપણ જાતના કારણ વિના નોટીસ કે નોટીસપગાર કે છટણી વળતર આપ્યા વિના કે ખાતાકીય તપાસ કર્યા વિના કે બચાવની તક આપ્યા વિના ચાલુ નોકરીમાંથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરેલ. જે પ્રથમ પક્ષકારનુ નોકરીમાંથી છુટા કરવાનુ પગલુ આઈ.ડી. એકટની જોગવાઈઓનો ભંગ કરવાનુ ઠરાવી પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે તથા આનુસાંગિક લાભો સહીત મુળ જગ્યાએ સતત અને સળંગ નોકરીમાં પુન:સ્થાપિત કરે તેવો હુકમ ફરાવાવવા તથા ખર્ચ અપાવવા માંગણી કરેલ છે. જયારે હાલના કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે હાજર થયેલા નથી કે હાજર થઈ લેખીત જવાબ રજુ કરેલ નથી જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાનો જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

હાલના કામે સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં બીજા પક્ષકાર પોતે ઔદ્યોગિક વિવાદ લઈને અત્રેની અદાલતમાં આવેલ હોય, પોતાના કેસની હકીકત અદાલત સમક્ષ પ્રસ્થાપિત કરવાની જવાબદારી બીજા પક્ષકારના શીરે છે. આ કામે બીજા પક્ષકારને પુરાવો રજુ કરવા પુરતી તક આપવા છતાં તેઓ હાજર રહેલા નથી જેથી બીજા પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે પ્રથમ પક્ષકાર તરફે પણ કોઈ હાજર રહેલ નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી.  ત્યારબાદ પણ બીજા પક્ષકાર કયારેય હાજર થયેલ નથી. આમ, બીજા પક્ષકારને કેસમાં રસ ન હોવાનું આથી તારણ થાય છે.

બીજા પક્ષકારે તેમનું માંગણાનું નિવેદન રજુ કર્યા બાદ પોતાના કથનના સમર્થનમાં મૌખિક પુરાવાની એફીડેવીટ રજુ કરેલ નથી કે કામદાર હોવા બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. બીજા પક્ષકારને મુદતની જાણ હોવા છતાં તેઓ કયારેય હાજર થયેલ નથી. આમ બીજા પક્ષકાર પોતાનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ છે. બીજા પક્ષકારને ન્યાયીક અને વ્યાજબી કરતાં વધુ સમય સુધી તક આપવામાં આવેલ છે. આમ બીજા પક્ષકારને કેસમાં રસ નહીં હોવાનું પણ આથી તારણ થાય છે. પ્રથમ પક્ષકારે તા.૪–૪–૧૪ ના રોજ બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ હોવાની હકીકત બીજા પક્ષકાર પુરવાર કરી શકેલ ન હોય, જે કાયદેસર હોવાનું આથી તારણ થાય છે અને જયારે બીજા પક્ષકારને છુટા કરતો હુકમ ન્યાયીક અને વ્યાજબી જણાતો હોય, ત્યારે બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર તથા અન્ય લાભો સાથે પુનઃસ્થાપિત કરી શકાય નહીં તેવું આથી તારણ થાય છે. જેથી **મુદ્દા નં.૧ અને ૨** નિર્ણય **નકાર**માં આપી, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ નં.૧૧૧/૨૦૧૬ નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે હુકમ નથી.

Station :- SURAT
Date :-13-11-2019

(Rinku Rajesh Desai)
GJ-01089, Presiding Officer,
Labour Court, SURAT